જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૮/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૧૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૬૧ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬ ક્વોટર ઈંગ્લીશ દારૂ, ૧૧ બીયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૫૮,૬૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૧૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૧૮/૨૦૨૬**

ઓઢવઃ બાબુભાઈ નાથાભાઈ પરમાર (ઉ.વ.૭૫)(રહે.પદ્મશાળી સોસાયટી વિભાગ–૦૨ વિરાટનગર ઓઢવ) એ તા.૧૧/૦૮/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૬ સવારના ૯/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના નીચેના માળના દરવાજાની સ્ટોપર ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૭૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૮,૭૫,૦૦૦/– મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એન.ઝીઝુંવાડીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૧૯/૨૦૨૬**

માધવપુરાઃ વિશાલભાઇ સ/ઓ હરીશભાઇ દંતાણી (ઉ.વ.૨૫)(રહે. ગલાજીની ચાલી નંબર–૦૨, સરકારી લીથો પ્રેસ સામે દુધેશ્વર રોડ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૮/૨૦૨૬ કલાક ૧૨/૦૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની લોખંડની ગડર સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ મોતિભાઇ ચલાવે છે.

મેઘાણીનગરઃ અર્જુનભાઈ વિજયભાઈ પટણી (ઉ.વ.૨૧)(રહે. ગુ.હા.બોર્ડ કલાપીનગર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૮/૨૦૨૬ બપોરના ૩/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન સાંજના ૬/૦૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.એરૂણકર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી